ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જલસેવાભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલીફોન નંબરઃ૦૭૯-૨૩૨૨૦૮૫૬, ફેકસઃ૦૭૯-૨૩૨૨૨૬૮૪
Email cemgwssb1@gmail.com

જા.નં.મુ.ઇ.(યાં)/ટેન્ડર/હે.વ.પમ્પીંગ મશીનરી/SITC/ ૨૪૦ તા.૨૨/૦૪/૨૦૨૨

### *પરિપત્ર*

વિષયઃ- ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હસ્તકની જુથ પાણી પુરવઠા યોજનાઓ તથા GWILના હેડવર્ક્સ પરની પમ્પીંગ મશીનરીના એસ.આઇ.ટી.સી.ની કામગીરી બાબત.

સંદર્ભઃ- માન.અધ્યક્ષશ્રી દ્વારા તા.૦૭/૦૪/૨૦૨૨ના રોજ બોર્ડ કચેરી, ગાંધીનગર ખાતે યોજાયેલ સમિક્ષા બેઠકમાં મળેલ સુચના.

**પ્રસ્તાવનાઃ-**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા જુદી-જુદી જુથ પાણી પુરવઠા યોજનાઓ દ્વારા પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. તથા આ યોજનાઓના હેડ વર્ક્સ પરની પમ્પીંગ મશીનરીના જરૂર જણાયે એસ.આઇ.ટી.સી.ની કામગીરી કરવામાં આવે છે.

બોર્ડની જુદી-જુદી જુથ પાણી પુરવઠા યોજનાઓ દ્વારા તેમજ GWIL દ્વારા રાજ્યમાં પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. ઉનાળાના સમયગાળા દરમ્યાન પીવાના પાણીની માંગમાં સતત વધારો તેમજ સ્થાનિક સ્ત્રોતની ઉપલબ્ધિમાં ઘટાડો થતો હોય છે. આમ, ઉનાળના સમયમાં જ્યારે પાણીની માંગમાં સતત વધારો થતો હોય તેવા સમયે જો પમ્પીંગ મશીનરીના એસ.આઇ.ટી.સી.ના કામો કરવામાં આવે તો જુથ યોજનામાં સમાવેશ થયેલ ગામોમાં પાણી પુરૂ પાડવામાં વિક્ષેપ પડતો હોય છે.

આવી પરિસ્થિતિનુ વારંવાર નિર્માણ થતુ હોઇ સદર પરિપત્ર બહાર પાડવાનુ અનિવાર્ય જણાય છે. જુથ યોજના દ્વારા ગામડાઓમાં પાણીના વિતરણમાં વિક્ષેપ ન પડે તે હેતુથી **જુથ** પાણી પુરવઠા યોજનાઓની પમ્પીંગ મશીનરીના એસ.આઇ.ટી.સી.ની કામગીરી ફેબ્રુઆરી માસ પહેલા પુર્ણ થાય તે રીતે અથવા જુલાઇ માસ પછી શરૂ કરવામાં આવે તો ઉનાળાના સમયગાળા દરમ્યાન હયાત વ્યવસ્થાથી પાણી પુરવઠો વિના વિક્ષેપે પુરો પાડી શકાય.

**આદેશઃ-**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા/GWILના હેડવર્ક્સ પરની પમ્પીંગ મશીનરીના એસ.આઇ.ટી.સી.ના કામો ફેબ્રુઆરી માસ સુધીમાં પુર્ણ થાય અથવા કામગીરી જુલાઇ માસ પછી શરૂ કરવામાં આવે તેમ આયોજન કરવાનુ રહેશે.

(ડી.એમ.પરમાર)
મુખ્ય ઇજનેર(યાં)

C:\Users\HP\Desktop\પરિપત્ર ટેન્ડર .docx

**નકલ સવિનય રવાના પ્રતિ,**

- માન. અધ્યક્ષશ્રીના કાર્યકારી સચિવશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.

**નકલ જયભારતસહ રવાના પ્રતિ,**

- મુખ્ય ઇજનેરશ્રી (મોની. સેલ), બોર્ડ કચેરી, ગાંધીનગર.
- નાણાં નિયંત્રકશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૧/૨/૩/૪/૫/૬, વડોદરા/અમદાવાદ/રાજકોટ/ભુજ/જુનાગઢ/સુરત.
- ચીફ જનરલ મેનેજર, જીડબલ્યુઆઇએલ, ગાંધીનગર.
- નિયામકશ્રી, જલસેવા તાલીમ સંસ્થા, ગાંધીનગર.
- મુખ્ય વહિવટી અધિકારીશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર.
- અધિક્ષક ઇજનેરશ્રી, જા.આ.યાં.વર્તુળ, વડોદરા/અમદાવાદ/રાજકોટ/જુનાગઢ/સુરત.
- તમામ કાર્યપાલક ઇજનેરશ્રી(યાંત્રિક).